# સમકાલીન ભારતીય કવિતા : આપણી વાત આપણી રીતે

સિતાંશુ યશશ્ચન્દ્ર

## લેખાંક-૨૬

## પુ. શિ. રેગે : કવિતાની ભીતરી ભૂગોળના સાહસસફરી

**સાં**પ્રત ભારતીય કવિતાના એક વિરલ સૂરને સાધતી, પોતપોતાની રીતે એ સૂર લગાડતી કેટલીક કૃતિઓની વાત છેલ્લા કેટલાક મહિનાઓથી અહીં આરંભી છે. અસમિયા કવિ નીલમણિ ફૂકનની વિરલ-સુંદર કાવ્યરચનાઓની વાતથી માંડેલી આ કહાણી ભારતીય-આંગ્લ કવિ કેશવ મલિકની નિસ્પૃહતાના રંગે રંગાયેલી કવિતાની પહેચાન કરાવતી આગળ વધી છે. મરાઠી કવિ પુ. શિ. રેગેની એકદમ ઓછાબોલી કવિતાનો પરિચય આ અંકથી આરંભાય છે. છેવટે, ભારતના ઉત્તમ ઇતિહાસપ્રજ્ઞ સર્જકોમાંયે અગ્રણી એવા બંગાળી કવિ શંખો ઘોષની કવિતાના પરિચયમાં 'ભારતીય કવિતાના ત્રીજા સૂર' વિશેનું, ચાર કવિઓની સર્જકતાનો મર્મ મેળવવા મથતું આ લેખ-ગુચ્છ પરિણતિ પામશે.

ભારતીય કવિતાનો આ ત્રીજો સૂર એટલે શું? આગળ કહ્યું હતું એમ ટી. એસ. એલિયટે તારવેલા કવિતાના નાટ્યાત્મક સૂરની આ વાત નથી. અહીં શોધ છે સાંપ્રત ભારતીય કવિતાના એવા સૂરની જે પ્રગટપણે સામાજિક નિસ્બત ધરાવતી, સાહિત્યના દાયિત્વના ખ્યાલથી દોરવાતી કાવ્યધારાથી અલગ હોય; છતાં ન હોય કેવળ સૌંદર્યલુબ્ધ રૂમાની ધારાને સમરૂપ; કે ન હોય સમરૂપ આજેયે ભારતીય કવિતામાં વહેતી મધ્યકાલીન ભક્તિ અને અધ્યાત્મની કવિતાની ધારા સાથે. ફૂકન, મલિક, રેગે અને શંખો ઘોષની કવિતા ભારતીય કવિતાની એક અનન્ય મોકળી અને વિશાળ જગ્યાની શોધનો ભાગ છે.

ભારતીય કવિતાનો પોતાનો એ અનોખો ત્રીજો સૂર રેલાવવા માટેનો વિશાળ અવકાશ આજની આ ભારે ભીડભાડવાળી સાંકડમુકડ જગ્યામાં આ કવિઓએ ક્યાંથી ઉપજાવવાનો છે? કવિતાએ જાતે, પોતાની ભીતરી ભૂગોળમાંથી પોતાની માલિકીની એ જગ્યા ખોલી લેવાની છે. કવિતા પેટા-ભાડૂત તો નથી જ, ભાડૂત પણ નથી, કવિતાએ

કોઈ રાજકીય વિચારસરણી પાસે કે કોઈ 'કૉઝ' માટેની પ્રતિબદ્ધતા પાસે એ મોકળાશ લીવ ઍન્ડ લાઇસન્સ ઉપર લેવાની નથી. કે માલદાર વેશ્યા જેવી આજની પણ્ય કવિતા પાસે, કે વિકલ્પે, આજના ચાલાક અર્થકારણની ભાગીદારીમાં પ્રજા પાસે પાણીને મૂલે પડાવેલી લોકપ્રિયતા ધરાવતા આજની કોઈ ઝાકઝમાળ આધ્યાત્મિકતા કે ધાર્મિકતા પાસે એ લીઝે લેવા કવિતાએ જવાનું.

મલિક હો કે ફૂકન, ઘોષ હો કે આજે જોઈશું તેમ રેગે – સાંપ્રત ભારતીય કવિતાનો આ પોતીકો અને અભિનવ સૂર પોતાના વિસ્તીર્ણ ગુંજારવ માટે આવશ્યક એવો જે અભિનવ અવકાશ મેળવે છે એ તો કવિતાના પોતાના ભીતરી શક્યતાનો પ્રદેશ છે.

ભારતીય કાવ્યમીમાંસા માટે આ સાહસ અજાણ્યું કે નવું નથી. એ કાવ્યમીમાંસા કવિતાની બન્ને પ્રકારની વિસ્તીર્ણતાઓને પૂરી પિછાણે છેઃ એક તરફ છે સાહિત્યની સામાજિક આદિ પ્રતિબદ્ધતાનો પ્રદેશઃ 'કાવ્યમ્ યશસે, અર્થકૃતે, વ્યવહારવિદે, શિવેતરક્ષતયે.' બીજી તરફ છે સાહિત્ય-મંડી, જ્યાં વાણીનો વેપાર ધમધોકાર ચાલે છે. પણ સાથોસાથ છે એ વિસ્તીર્ણ પ્રદેશ, કવિતાની ત્રીજી શક્યતા માટે : વિગલિત વેદ્યાન્તરે થતા કાવ્યાનુભવનો પ્રદેશ. અર્થાત્, બીજી બધી જ ખેવના, સભાનતા, પ્રતિબદ્ધતા એક બાજુ છોડી, બીજી બાજુ લોકપ્રિયતા, માનપાન, પ્રતિષ્ઠા, પુરસ્કારો, પૈસો, બધું છોડી, એ સર્વ 'વેદ્યાન્તરો' કહેતાં કાવ્યાનુભવથી જુદા અનુભવો છોડી, કવિતાની પોતાની ભીતરી વિશાળતાથી મુખોમુખ થવાનું સાહસ. એ નિસ્પૃહ સાહસિકતાનો સૂર તે ભારતીય કવિતાનો ત્રીજો સૂર. એ સાંભળવાની ક્ષમતા કેળવવાનો યત્ન હમણાં થોડા અંકોથી 'પરબ'ની આ લેખમાળામાં ચાલે છે.

*

પ્રિય વાચક, તને થશે કે સીતાન્સુ ભઈની હવે અવસ્થા થઈ તે એ પોતે જ ભૂલી ગયા લાગે છે કે એમણે પેલું સું કહે છે, 'સમકાલીન ભારતીય કવિતાઃ આપણી વાત આપણી રીતે' કે એવું કૈંક લખવાનું છે ! મહાશય, અવસ્થાવાળી વાત સાચી પણ ભૂલી ગયાવાળી વાત ખોટી. વાત એ છે કે આ વખતે જે રચના વિશે લખવાનું છે એને નજીકથી અને ઊંડાણથી વાંચવા-માણવામાં ઉપર કહેલી વાતો સહાય કરે, કદાચ. તો હવે સિદ્ધાન્ત-નિવેદનને છોડીને વિગલિતવેદ્યાન્તરે કાવ્યનિમજ્જન કરીએ !

*

પુ.શિ.રેગેની રચના, (સાવ નાની, શીર્ષક સાથે કુલ સાત પંક્તિની) મૂળ મરાઠીમાં અને નવા અનુવાદ રૂપે ગુજરાતીમાં જોઈએઃ

**दुसरा पक्षी**

पक्षी जें झाडावर गाणें गातो
आहे झाडच दुसरें पुन्हां त्या गाणात्

पक्षी जें झाडावर गातो.

झाडावर जें गाणें पक्षी गातो
आहे पक्षी दुसरा गाणांत्यच त्या पुन्हां
झाडावर जें पक्षी गातो.

**બીજું પક્ષી**

**પક્ષી જે વૃક્ષ પર ગીત ગાય**
**છે વૃક્ષ જ તો બીજું વળી એ ગીતમાં**
**પક્ષી જે વૃક્ષ પર ગાય.**

**વૃક્ષ પર જે ગીત પક્ષી ગાય**
**છે પક્ષી બીજું એ ગીતમાં જ તો વળી**
**વૃક્ષ પર જે પક્ષી ગાય.**

*** અથવા, આ અનુ-વચનઃ**
**પંખી જે તરુવર પર ગીત ગાય છે**
**હોય છે તરુવર જ તો વળી બીજું, એ ગીતમાં**
**પંખી જે તરુવર પર ગાય છે.**

**તરુવર પર જે ગીત પંખી ગાય છે**
**હોય છે પંખી બીજું વળી એ ગીતમાં જ તો**
**તરુવર પર જે પંખી ગાય છે.**

*

– વૃક્ષ, પંખી, ગીત : બસ એ સિવાયનું બધું વીસરાઈ ગયું છે આ પળે ! આ પેલા ઝાડ પર આ પેલું પક્ષી આ ગીત ગાય છે. બસ. સાંભળ્યા અને જોયા કરીએ. સનાતન વર્તમાન કાળ. ‘ક્ષણ જે ચિરંતન’ કવિવર રાજેન્દ્ર શાહ કહે.

– કાવ્ય નથી આ, ચિત્ર છે. ભાવક સામે સમય નથી, એક રેખાબદ્ધ સ્થળ છે. કાવ્ય વાંચતાં એક કર્ણગોચર સમય ખસે (ટક્ ટક્ ટક્, જાણે). રેગેનું આ છે તેવું કોઈ પણ કલ્પનકાવ્ય જોતાં સ્થળમાં, સ્પેસમાં ચાલવું પડે (ડાબો-જમણો-ડાબો, જાણે).

તો પ્રિય ભાવક, વાંચો નહીં હવે, બસ જુઓઃ ‘પક્ષી જે વૃક્ષ પર ગીત ગાય / છે વૃક્ષ જ તો બીજું વળી એ ગીતમાં / પક્ષી જે વૃક્ષ પર ગાય.’ દેખાયું હવે, પેલું આ એક ઝાડ? લીલું, ઘટાદાર લાગે છે ને? અને દેખાયું પેલું? હા, હવે દેખાયુંને પંખી? ‘વિટ્ વિટ્ ટ્વિટ્’ એ ગીત જે સંભળાયું હતું, તે આનું જ હતું. કેવું લપાયું છે! રંગો તો દેખો એના, ને લાંક! ને ચાંચલ્ય ! ને, અરે, આ શો ચમત્કાર? (કાવ્યચમત્કાર!) કે એ ગીતમાં, એ વિટ્ ટ્વિટ્-માં વળી એક વૃક્ષ દેખાય છે? એ તો છે ‘दुसरा झाड’, ‘બીજું વૃક્ષ.’ નરી કવિનિર્મિતિ. કેવી છે એની ઘટા? પાંદડાંનો આકાર? ડાળીઓનો ફેલાવો? પીપળાનો પીપળો જ છે બીજો, કે ઝાડ જુદું જ છે, વડનું? કે આંબો છે, આફુસ કેરીનો, રત્નાગીરીનો?

ના, સુહૃદ, સરખાવવાં નથી એ વૃક્ષો, ભલે એમ જ રહ્યું એ દરેક 'બીજું વૃક્ષ' : તમે જોયેલું ને મેં જોયેલું ને કવિએ જોયેલું ને પંખીએ જોયેલું, દરેક અનન્ય તોયે આ 'બીજું વૃક્ષ'! દરેકનું એક વૃક્ષ ભલે એક જ હોય પણ બીજું વૃક્ષ અલગ હોય, પોતીકું. તો જ કવિતા બને, નહીં તો વ્યાકરણ કે વેદાંત !

*

કાવ્ય દરેકનું પોતીકું હોય, જેમ વૃક્ષ પેલા પંખીનું હોય, એનું સ્વકીય, એમ. પંખીએ ક્યારેક અગાઉ જોયું હશે, એ બીજું તરુવર? કે હમણાં જ આ બસ હમણાં જ આ ફ્રેમમાંથી બહાર એક લસરકે ઊડી આ પંખી જે બીજા એક વૃક્ષ પર જવાનો વિચાર કરતું હશે, એ બીજું વૃક્ષ? ગત કાળ કે અનાગત કાળ? ખૂબી એ છે આ રચનાની કે એ કાવ્ય છે પણ ચિત્ર જેવું છેઃ ટાઇમમાં નહીં, સ્પેસમાં રહેલું છે. ગત, અનાગત જેવું કશું નથી. જે છે તે સામે છે, અબી હાલ. હા, 'ત્રીજા નેત્રની પ્રસાદી' લેતાં આવડે તો લેવાની પૂરી છૂટ છે, પ્રિય ભાવક. એટલે જ તો જો અનુવાદક એને 'ત્રીજું તરુવર' કહે, તો એ અનુવાદ ખોટો છે, એવા કાગળ કોઈ કોઈને ન લખતા, મહેરબાન. પછી પસ્તાવું પડશે. અને વાત ત્યાં જ પૂરી થતી નથી.

*

હજી આ અદ્‌ભુત, સાત પંક્તિની સુદીર્ઘ રચનાની બીજી કડી બાકી છે. એ કડી ત્રણ પંક્તિઓની છે, નાનીસૂની નથી. પ્રિય વાચક! જો-જો, વળી વળીને જો, રેગેના આ વૃક્ષને; ને એના આ પંખીને; ને સાંભળ એનું ગીત. ત્રણ જ વાનાં છે : વૃક્ષ, પક્ષી અને ગીત. પણ એમનો વિસ્તાર તો અનુભવ, ડિઅર !

– 'વૃક્ષ પર જે ગીત પક્ષી ગાય / છે પક્ષી બીજું એ ગીતમાં જ તો વળી/ વૃક્ષ પર જે પક્ષી ગાય.' આ ગીતમાં, પંખીના, કવિના, ભાવકના આ ગીતમાં માત્ર વૃક્ષ જ એકાધિક છે, એવું નથી. 'તને જોઈ જોઈ તોય તું અજાણી', રાઇટ? 'વૃક્ષ પર જે પક્ષી ગાય / છે પક્ષી બીજું એ ગીતમાં જ તો વળી'! – બીજું પક્ષી ગોતવા પાછા તમે બીજે ક્યાંક ન ઊપડતા, મહેરબાન, ઝુંબેશોમાં, વિચારસરણીઓમાં, કોઈ આકા-બાપા-રાજા પાસે ! બીજું પંખી ક્યાં છે? 'ગીતમાં જ તો વળી', કવિ કહે છે.

સાંભળો : છે, બધું જ છે અહીં. ને કશુંય નથી. પ્યોર, ઇન્ફાઇનાઇટ પ્રેઝન્સ. પૂર્ણમિદમ્. વળી સર્વમ્ શૂન્યમ્ ઇદમ્. એટલે જ, 'ગિવ અસ અવર ડેઇલી નાદા', 'પિન્ગ અપોન પિન્ગ'! – આ મંત્રોચ્ચારો વિશે વળી ક્યારેક વાતો કરીશું, પ્રિય વાચક!

*

પણ હાલ તો આ નવો પરિચ્છેદ પાડીએ. એટલે કે હવે જે લખાય છે એના હમણાં માણેલા કાવ્ય સાથેના સંબંધને ચારે તરફથી છેદીએ. પરિ-ચ્છેદ કરીએ, પૂરો તોડીએ, શબ્દાર્થમીમાંસાની પરિભાષામાં કહેતાં સન્નિધિભંગ કરીએ. હવે આગળ વધીએ.

એ રીતે આગળ વધતાં શું શું યાદ ન આવે?! ગુરુ દ્રોણની પરીક્ષામાં ઊભેલો

નવયુવક બાણાવળી અર્જુન યાદ આવે, એને પંખીની આંખ જ દેખાતી હતી. વળી કવિ વર્ડ્ઝવર્થની પેલી ‘સોલિટરી રીપર’ યાદ આવેઃ ‘બિહોલ્ડ હર, સિંગલ ઇન ધ ફીલ્ડ, યોન સોલિટરી હાઈલૅન્ડ લેસ ! રીપીન્ગ ઍન્ડ સિન્ગિન્ગ બાય હરસેલ્ફ; સ્ટોપ હીઅર, ઑર જેન્ટલી પાસ!’ એ કવિ ચુપચાપ સાંભળે અને જુએ છેઃ હરિયાળા ખેતરમાં લણણી કરતી નાનકડી પર્વતકન્યા કામ કરતી જાય અને ગાતી જાય. પણ એ ગીત એ સાંભળનારને જાણે ગાંઠતું નથી !કવિને પૂરું સમજાતું નથી કે સામેની ખીણમાં અને પોતાની કવિતામાં ગીત ગાતી એ કાવ્યકન્યા શેનું ગીત ગાય છે?! સાંભળનાર કવિ પૂછી ઊઠે છેઃ ‘વિલ નો વન ટેલ મી વૉટ શી સિન્ગ્ઝ?’ ‘એ કન્યકા શેનું ગીત ગાય છે એ મને કોઈ નહીં કહે?’ — ને કવિતાના સદ્‌ભાગ્યે કાવ્યના અંત સુધી કોઈ એ સવાલનો જવાબ આપતું નથી. એટલે જ તો કવિતા બચી જાય છે અને વળી લા-જવાબ બને છે ! જો કોઈ સ્વયં-નિયુક્ત સર્વજ્ઞ રેડીમેડ ઉત્તરો આપવા આવી પહોંચે, કવિતાની સ્વરાજ સરહદમાં, તો કવિ/ભાવક એને સીમાપાર વળાવી આવે ! ‘સ્ટૉપ હિઅર ઑર જેન્ટલી પાસ.’

જોકે પેલો સવાલ તો થયા જ કરેઃ ‘વિલ નો વન ટેલ મી વૉટ શી સિન્ગ્ઝ?’ સવાલ છે ત્યાં સુધી સવાદ છે ! જવાબ પકડાવ્યો કોઈએ કે તરત શરૂ થાય સાહિત્ય-સંસાર-સ્વામીઓની ગળચટી રાજખટપટ!

*

એ અર્થમાં (પણ) રેગેની આ કવિતા લા-જવાબ છે!

લૉકડાઉનની નાનકડી જગ્યામાંયે કેટલો વ્યાપક વિસ્તાર એક કવિતા ઉઘાડી આપે, એ અનુભવ્યું, પ્રિય ! જોકે બીજો કવિ કહી ઊઠેઃ ‘આઇ વિલ શો યુ ફીયર ઇન હૅન્ડફુલ ઑફ ડસ્ટ.’ — એયે કવિતા. સાત પંક્તિઓના આ દીર્ઘ કાવ્ય અંગે આપણી વાતો જારી રહેશે, આવતા અંકમાં. પણ રેગેની જ એક બીજી રચનાથી આજની વાત હાલ આટોપીએ, એટલે કે જારી રાખીએ.

*

**બોલવું./ પુ. શિ. રેગે**

**તું તો બોલતી નથી.**

. .
. .
. .

**એમાંથી મેં એક અલાયદો અર્થ તારવ્યો.**

**એનાં જ તો થયાં ગીતો,**
**થોડીક વાર્તાઓ,**
**એક બે અધ-ઓળખ્યા સંવાદો,**
**અડધાંપડધાં દર્શનો . . .**

**પછી મને સમજાયું**
**એ જ તારું બોલવું હતું . . .**
**સહજ, મનમોકળું,**
**પરોઢિયાના સમયની આસપાસનું.**

(અનુ. સિ.)

વધુ રસિક ભાગ આવતે અંકે.

*

સમા, વડોદરા
મે ૨૨, ૨૦૨૦

❑

## સાભાર સ્વીકાર

### નવલિકા

**ઉડવાની મળી પાંખ,** ડૉ. એમ. પી. કાકડિયા, ૨૦૧૯, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. ૧૦૪, રૂ. ૧૭૫. **સૂચિત્ર,** મેઘા ત્રિવેદી, ૨૦૧૯, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, ૧૨ + ૧૫૧. રૂ. ૨૨૫ **સાદ ભીતરનો,** કંદર્પ ર. દેસાઈ, ૨૦૧૯, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૬૮, રૂ. ૧૬૦ **રમેશ ર. દવેની પ્રતિનિધિ વાર્તાઓ,** પારુલ દેસાઈ/કંદર્પ દેસાઈ, ૨૦૧૯, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, પૃ. ૨૦૬, રૂ. ૨૦૦ **કલ્પવૃક્ષ,** સંપા. ધર્મેન્દ્ર ત્રિવેદી, ૨૦૧૯, જાહ્નવી પ્રકાશન, ગાંધીનગર, પૃ. ૧૨૮, રૂ. ૧૦૦ **ઈશાની વાયરા,** મોહનલાલ પટેલ, ૨૦૧૯, આદર્શ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૯૨, રૂ. ૨૨૫ **ફૂલબઝાર,** પન્ના ત્રિવેદી, ૨૦૧૯, આર. આર. શેઠ ઍન્ડ કંપની, પ્રા.લિ., મુંબઈ-અમદાવાદ, પૃ. ૧૨૫, રૂ. ૧૨૫ **રજથી સૂરજ સુધી** ગિરીમા ઘારેખાન, ૨૦૧૯, અમોલ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૬૮, રૂ. ૧૬૦